**સસ્તા વિદેશી ફળોથી માંડીને ઓનલાઈન ટાઈલ્સ શોપ અને કાર વોશ સુધીના આઈડિયાઝ ઉદ્યોગોમાં કન્વર્ટ થશે**

# સારા બિઝનેસ આઈડિયા માટે EDI ફંડ આપશે

નવગુજરાત સમય > અમદાવાદ

વિશ્વ સંસ્થામાંથી ડિગ્રી મેળવ્યા બાદ સારા આઈડિયાઝ ધરાવતા વિદ્યાર્થીઓને ફંડ મેળવવામાં મુશ્કેલી ન પડે તે માટે EDI (આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ)એ વિદ્યાર્થીઓને ફંડ પૂરું પાડવાની નવી પહેલ હાથ ધરી છે. પહેલના ભાગ રૂપે EDIના વિદ્યાર્થી ઉત્કર્ષ ગુલાટીને ફૂડ ટ્રક રેસ્ટોરાં શરૂ કરવા માટે EDI દ્વારા પ્રારંભિક રૂ.3.5 લાખનું ફંડ પૂરું પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત રોકાણકારો પાસેથી ફંડ મેળવવામાં પણ EDI વિદ્યાર્થીઓને મદદ કરશે. આ પહેલના કારણે સ્ટાર્ટ અપ કલ્ચરને વેગ મળશે તેવું સંસ્થાનું માનવું છે.

EDIના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ ઈન બિઝનેસ આંત્રપ્રોન્યોરશીપ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ ડેવલપમેન્ટ સ્ટડીઝના વિદ્યાર્થીઓ માટે આ પહેલ લીધી છે. વિદ્યાર્થીઓ પાસે ઘણી વાર સારા બિઝનેસ પ્લાન હોવા છતાંય રોકાણના અભાવે તેમનું આયોજન ન ખોટકાય તે માટે હવે સંસ્થા વિદ્યાર્થીઓને માત્ર સર્ટિફિકેટ આપવા સુધી નહિ પરંતુ રોકાણ મેળવી આપવા સુધી મદદરૂપ બનશે.

EDIના પ્રોફેસર ડો. મનોજ મિશ્રાએ આ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, હાલમાં 10 વિદ્યાર્થીઓના સ્ટાર્ટ અપ ફાઈનલ સ્ટેજ ઉપર પહોંચી ગયા છે જેમાંથી 3 વિદ્યાર્થીઓ ફર્સ્ટ યરના જ્યારે 7 સેકન્ડ યરના છે. આ યુવા ઉદ્યોગસાહસિકોને ફંડિંગ આપવા કેટલાંક ઈન્વેસ્ટર્સને પણ સાથે લેવામાં આવ્યા છે.



ઉદાહરણ તરીકે, સી.એ જીવન જાગતિયા દ્વારા ટ્રાન્સપોર્ટેશન માટેના ઓનલાઈન પોર્ટલ ટ્રકફોરલોડ.કોમ માટે 50 લાખનું ફંડિંગ કરવામાં આવ્યું છે. ઈડીઆઈના પ્રોફેસર સત્યા આચાર્યએ જણાવ્યું હતું કે, આ ઈન્વેસ્ટર્સ માત્ર વિદ્યાર્થીઓને ફંડ જ નહિ આપે પરંતુ તેમને બિઝનેસ ક્ષેત્રે પ્રારંભિક તબક્કામાં જરૂરી માર્ગદર્શન પણ આપશે.

EDIના પાસઆઉટ 10 વિદ્યાર્થીઓના કિવી, આફ્રિકન કેળા સહિતના એક્ઝોટિક ફ્રુટ ટ્રકથી માંડીને ઓનલાઈન ટાઈલ્સ શોપિંગ, ઓનલાઈન ખાદી શોપ, ફ્લિપકાર્ટ તથા એમેઝોન જેવી કંપનીઓ માટે વધુ સારી લોજિસ્ટિકની સુવિધા પૂરી પાડવા સુધીના અનેક ઈન્નોવેટિવ બિઝનેસ આઈડિયાઝ તૈયાર છે. મોટાભાગના બિઝનેસ આઈડિયાઝ અંતિમ તબક્કામાં છે અને કેટલાંક તો અમલી પણ બની ચૂક્યા છે. આવા ઈન્નોવેટિવ વિચારો બિઝનેસમાં કન્વર્ટ થાય અને સફળ સ્ટાર્ટ અપ બને તે માટે સંસ્થા દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે.